# મોદી કેબિનેટમાં ૨૧ નવા ચહેરાઓ

નવીદિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમની કેબિનેટનું વિસ્તરણ કર્યું હતું. મોદીએ કેબિનેટમાં ૨૧ નવા ચહેરાઓનો સમાવેશ કર્યો હતો. આજે રાષ્ટ્રપતિ ભવન ખાતે દરબાર હોલમાં આયોજિત કાર્યક્રમમાં ચાર નવા કેબિનેટ પ્રધાનો, ત્રણ સ્વતંત્ર હવાલા સાથે અને ૧૪ રાજ્યકક્ષાના પ્રધાન તરીકે જોડાયા હતા. કુલ ૨૧ નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં તમામ નવા સભ્યોને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. સૌથી પહેલા કેબિનેટ પ્રધાન તરીકે ગોવાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મનોહર પારીકરે શપથલીધા હતા. ત્યારબાદ શિવસેનાના સુરેશ પ્રભુ, ભાજપના વરિષ્ઠ નેતા જગતપ્રકાશ નડ્ડા અને કોંગ્રેસના પૂર્વ સભ્ય બિરન્દરસિંહે શપથ લીધા હતા. ભાજપના સાંસદ રાજીવ પ્રતાપ રુડી, મહેશ શર્મા અને બંડારુ દત્તાત્રેયે સ્વતંત્ર હવાલા સાથે રાજ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજન, અડવાણી, અમિત શાહ, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી, વેંકૈયા નાયડુ, મેનકા ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. આજે શપથ લેનાર મોટાભાગના સભ્યોએ હિન્દીમાં શપથ લીધા હતા. એક માત્ર ટીડીપીના વાયએસ ચૌધરી અને અન્ય એકે અંગ્રેજીમાં શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમને લઈને સવારથી જ તૈયારી કરી લેવામાં આવી હતી. મોદીએ આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને તમામ રાજ્યોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવાના પ્રયાસ કર્યા છે. આજના વિસ્તરણની સાથે જ મોદી કેબિનેટમાં પ્રધાનમંડળનું કદ વધીને ૬૬ થઈ ગયું છે. શપથવિધિમાં ઉમા ભારતી, નેઝમા હેપ્તુલ્લા, સ્મૃતિ ઈરાની પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને બિહાર, ઝારખંડને પણ પ્રતિનિધિત્વ આપ્યું છે. મોદીએ કેબિનેટનું પ્રથમ વખત વિસ્તરણ કર્યું હતું. શિવસેના સાથે સુરેશ પ્રભુ હવે છેડો ફાડી ચુક્યા છે. અનિલ દેસાઈ શપથ લેતા પહેલા જ મુંબઈ પરત ફર્યા હતા.

## પ્રધાનમંડળ વિસ્તરણ : કોંગ્રેસ અને શિવસેના દ્વારા બહિષ્કાર

નવીદિલ્હી, તા.૯

નરેન્દ્ર મોદીએ આજે કેબિનેટનું વિસ્તરણ કર્યું હતું. નરેન્દ્ર મોદી કેબિનેટના વિસ્તરણનો શિવસેના અને કોંગ્રેસ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હતો. શપથવિધિમાં ભાગ લેવા માટે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને મનમોહનસિંહને આમંત્રણ આપવામાં આવ્યું હતું પરંતુ આ બંને ઉપસ્થિત રહ્યા ન હતા. શપથવિધિ કાર્યક્રમ બાદ ઉર્જા પ્રધાન પીયુષ ગોયેલે આ મુજબની માહિતી આપી હતી. કોંગ્રેસ તરફથી શપથવિધિ કાર્યક્રમમાં હાજરી આપવા અથવા તો ન આપવાના સંદર્ભમાં કોઈ માહિતી મળી હતી કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આવી કોઈ માહિતી મળી ન હતી. જો કે, સોનિયા ગાંધી, મનમોહનસિંહ ઉપરાંત અન્ય કોઈને આમંત્રણ અપાયું હતું કે કેમ તેને લઈને ચિત્ર સ્પષ્ટ થયું નથી. શિવસેનાએ પણ શપથવિધિનો બહિષ્કાર કર્યો હતો. શિવસેનાના કોઈ સભ્યો ઉપસ્થિત રહ્યા ન હતા. સમાજવાદી પાર્ટીના રામગોપાલ યાદવ એકમાત્ર વિપક્ષના નેતા હતા જે મોદી કેબિનેટના વિસ્તરણની કવાયત વેળા ઉપસ્થિત રહ્યા હતા. શિવસેનાના સભ્યો ઉપસ્થિત નહીં રહેવા માટે ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. શિવસેનાના નેતા અનિલ દેસાઈ દિલ્હી પહોંચી ગયા હતા પરંતુ વિમાની મથકે જ રહ્યા હતા અને કેબિનેટમાં ભાગ લેવા પહોંચ્યા ન હતા. અનિલ દેસાઈ મુંબઈથી સવારની ફ્લાઈટ પકડીને દિલ્હી પહોંચ્યા હતા પરંતુ વાતચીત અટવાઈ પડી હોવાના અહેવાલ વચ્ચે તેઓ શપથવિધિમાં પહોંચ્યા ન હતા. જો કે, શિવસેના સાથે વિધિવતરીતે જોડાયેલા સુરેશ પ્રભુએ શપથ લીધા હતા.



**પાકિસ્તાન દ્વારા સતત ગોળીબાર કરાઈ રહ્યો છે**

## પાકિસ્તાન સાથે કોઇ વાતચીત કરવાનો જેટલીનો સાફ ઇન્કાર

નવીદિલ્હી, તા. ૯

પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપતા નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, જ્યાં સુધી યુદ્ધવિરામના ભંગનો દોર જારી રહેશે ત્યાં સુધી પાકિસ્તાન સાથે કોઈપણ પ્રકારની મંત્રણા કરવામાં આવશે નહીં. ગ્લોબલ ફોરમ મિટિંગમાં બોલતા જેટલીએ કહ્યું હતું કે, જો વારંવાર યુદ્ધવિરામના ભંગનો દોર જારી રહેશે તો મંત્રણા માટેનું વાતાવરણ સર્જાઈ શકશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, વાતચીત એવા જ માહોલ શરૂ થઈ શકે છે જ્યારે સરહદ ઉપર શાંતિ રહેશે. અમે વાતચીતની તરફેણ કરીએ છીએ.

મંત્રણા પ્રક્રિયાથી સ્થિતિ સુધરી શકે છે પરંતુ બંને દેશો પૈકી એક દેશ યુદ્ધવિરામનો ભંગ જારી રાખીને વાતચીતને આગળ વધારી શકે નહીં. નાણામંત્રાલયની જવાબદારી સંભાળી રહેલા જેટલીએ કહ્યું હતું કે, પાકિસ્તાન દ્વારા રચનાત્મક સંબંધોમાં ભારત વિશ્વાસ રાખે છે. પાકિસ્તાની રાજદૂત ઓગસ્ટ મહિનામાં વિદેશ સચિવ સ્તરની વાતચીત થાય તે પહેલા જ કાશ્મીરી અલગતાવાદીઓને મળ્યા હતા જેના લીધે મંત્રણા પ્રક્રિયા પડી ભાંગી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યારે અમે મંત્રણાને આગળ વધારી રહ્યા હતા ત્યારે પાકિસ્તાન તરફથી ગંભીરરીતે પ્રતિક્રિયા અપાઈ ન હતી. પાકિસ્તાને વારંવાર અલગતાવાદીઓ સાથે વાતચીત કરી હતી. કાશ્મીરમાં આ મુદ્દે લોકોમાં નારાજગી દેખાઈ રહી છે. ખીણમાં શાંતિપૂર્ણરીતે ચૂંટણી યોજાય તેવી અમે અપેક્ષા રાખી રહ્યા છે. પર્યાવરણને બગાડવાના પ્રયાસ સતત થઈ રહ્યા છે. હાલમાં પુરની સ્થિતિ દરમિયાન પુરતા પ્રમાણમાં સુરક્ષા જવાનો ગોઠવવામાં આવ્યા હતા. પૂર્વીય પ્રદેશમાં સરહદી મુદ્દે તેમણે કહ્યું હતું કે, ભારત આ મામલાને ઉકેલવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા તૈયાર છે. જ્યાં સુધી ચીનની વાત છે ત્યાં સુધી અમારા આર્થિક સંબંધો મજબૂત થઈ રહ્યા છે. બંને દેશોમાં પારસ્પરિક મૂડીરોકાણ વધી રહ્યું છે. બંને દેશો વચ્ચે જંગી વેપાર થઈ રહ્યો છે. સરહદી વિવાદને ઉકેલવાના પ્રયાસ પણ ભારત અને ચીન બંને દ્વારા ગંભીરપણે કરવામાં આવી રહ્યા છે.

**અર્થતંત્રમાં વધુ વિશ્વાસ જગાવાશે**

## જમીન ખરીદી ધારામાં વધુ સુધારા હાથ ધરાશે

નવીદિલ્હી, તા. ૯

નાણાપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર કઠોર જમીન પ્રાપ્તિ કાયદામાં સુધારા કરવાની યોજના ધરાવે છે. જો વિરોધ પક્ષો ટેકો આપશે નહીં તો પણ આ દિશામાં આગળ વધવામાં આવશે. અરુણ જેટલીએ કહ્યું હતું કે, ટેક્સ નીતિને વધુ આક્રમક અને તર્કસંગત બનાવવામાં આવશે. ભારત વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી શકે તે માટે પગલા લેવામાં આવનાર છે. ઈન્ડિયા ગ્લોબલ ફોરમની બેઠકને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે, જમીન પ્રાપ્તિ કાયદામાં કેટલાક સુધારા જરૂરી બન્યા છે પરંતુ સૌથી પહેલા સર્વસંમતિ સાધવાના પ્રયાસ કરવામાં આવશે. જો આ શક્ય બનશે નહીં તો પણ અમે આગળ વધીશું અને નિર્ણય લઈશું. જમીન પ્રાપ્તિ બિલ અગાઉની યુપીએ સરકાર દ્વારા પસાર કરવામાં આવ્યું હતુ તે વખતે ભાજપે તેને ટેકો આપ્યો હતો. સાથે સાથે કૃષિ જમીન માટે વાજબી વળતરની માંગ કરી હતી. ઔદ્યોગિક પ્રોજેકટો માટે જમીન લેતી વેળા યોગ્ય વળતર ચુકવવાની માંગ કરી હતી. રાજ્યો દ્વારા આ કાયદાનો ખુલ્લીરીતે વિરોધ કરાયો હતો અને કહેવામાં આવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટો માટે જમીન મેળવવાની પ્રક્રિયામાં અડચણો આવી રહી છે.

## ભારતીય સેનાને હાલ ૪૪૦ હેલિકોપ્ટરની જરૂર : જેટલી

નવીદિલ્હી, તા.૯

સંરક્ષણપ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સશસ્ત્ર દળોને ૪૪૦ હેલિકોપ્ટરોની જરૂર છે. આ હેલિકોપ્ટરો સેનાને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ પૈકીના મોટાભાગના હેલિકોપ્ટરો ભારતીય કંપનીઓ પાસેથી ખરીદવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, સરકારી એચએએલ સહિત ભારતીય કંપનીઓ પાસેથી આ હેલિકોપ્ટરો મેળવવામાં આવનાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ત્રણેય સેનાઓ વચ્ચે ૪૪૦ હેલિકોપ્ટરોની હાલમાં જરૂરિયાત અનુભવ કરવામાં આવી રહી છે. કેટલાક હેલિકોપ્ટરો વિદેશમાંથી પણ મેળવવામાં આવનાર છે. સ્થાનિક રીતે મોટાભાગના હેલિકોપ્ટરો તૈયાર કરવામાં આવનાર છે. ભારતીય કંપનીઓ આના માટે અરજી કરી શકે છે. સરકારના નિર્ણયથી સંરક્ષણ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગ માટે ૪૦૦૦૦ કરોડનો કારોબાર ઉભો થઈ શકે છે. ઉપરાંત ભારત ૫૬ પરિવહન વિમાનો ખરીદવાની યોજના ધરાવે છે જેના માટે માત્ર ખાનગી ક્ષેત્રની ભારતીય કંપનીઓ જ લાયક રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, આ વખતે અમે અગાઉના નિર્ણયને રદ કરી ચુક્યા છે અને ભારતમાં હવે નિર્માણ કરવામાં આવનાર છે. ભારતીય કંપનીઓ અરજી કરી શકે છે. સંયુક્ત સાહસ મારફતે પણ ભારતીય કંપનીઓ અરજી કરી શકશે. સશસ્ત્ર દળો દ્વારા સંરક્ષણ મંત્રાલય દ્વારા પોતાની જરૂરિયાતની રજૂઆત કરવામાં આવી છે.

સેના અને હવાઈ દળ માટે ૧૯૭ હેલિકોપ્ટર ખરીદવા ૬૦૦૦ કરોડ રૂપિયાના ટેન્ડરને રદ કરવામાં આવે તે પહેલા સશસ્ત્ર દળો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા હળવા હેલિકોપ્ટરો બનાવવા માટે કર્ણાટકમાં ટુમકુર ખાતે એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવી ચુક્યો છે. ડિફેન્સ એક્વીજિસેન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની બેઠક હવે દર મહિને યોજાશે.



દુનિયામાં જાતભાતની ફેશન કરનારા શોખીનો વસે છે અને તેઓને પ્રોત્સાહન આપતી વિવિધ પ્રકારની પ્રતિયોગિતાઓ પણ દેશ-દુનિયામાં કયાંકને કયાંક યોજાતી રહે છે. જર્મમનીમાં યોજાઈ રહેલી યુરોપીયન બીયર્ડ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા પહોંચેલા ચિત્ર-વિચિત્ર દાઢી-મૂછ ધરાવતા શોખીનોએ આ પોઝ આપ્યો હતો.

**આડેધડ પીડા દૂર કરતી દવા ન લેવા સલાહ**

## નિયમિત પેનકીલર્સ દવાથી સાંભળવાની શક્તિને અસર

નવી દિલ્હી,તા. ૯

શરીરમાં જુદા જુદા પ્રકારની પીડાને દૂર કરવા માટે લોકો અને ખાસ કરીને મહિલાઓ આડેધડ જુદા જુદા પ્રકારની દવાઓ લે છે. આનાથી નુકસાન વધારે થાય છે. જે મહિલાઓ પેરાસિટેમોલ અથવા તો બુપ્રોફેન નામની દવાઓ લઈને પીડા દૂર કરવાનો પ્રયાસ કરે છે તે મહિલાઓને સાવધાન થઈ જવાની જરૂર છે. અમેરિકન જર્નલ ઓફ ઇપીડેમીલોજીમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નિયમિત રીતે પેરાસિટેમોલ અથવા બુપ્રોફેન લેતી મહિલાઓમાં સાંભળવાની શક્તિ દિનપ્રતિદિન ઘટી જાય છે. સાથે સાથે આ દવાઓના નિયમિત પણે ઉપયોગમાં વધારો થતાં ખતરો પણ વધતો જાય છે. ૫૦ વર્ષની વયની મહિલાઓ કરતા નાની વયની મહિલાઓમાં ખતરો વધારે રહે છે. અગાઉના સંશોધનમાં પણ દાવો કરવામાં આવી ચૂક્યો છે કે પેનકીલરનો આડેધડ ઉપયોગ પુરુષોમાં સાંભળવાની શક્તિના વધતા ખતરા સાથે સંબંધિત છે. સંશોધકોએ અભ્યાસના તારણ ઉપર પહોંચવા સાંભળવાની શક્તિ ઘટવા અને એસ્પીરીન, બુપ્રોફેન અને અન્ય આ પ્રકારની દવાઓના ઉપયોગ વચ્ચે સીધા સંબંધમાં ધ્યાન આપ્યું હતું. ૬૨૨૬૧ મહિલાઓને અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવી હતી. આ તમામ મહિલાઓ ૩૧થી ૪૮ વર્ષની વયની હતી. ૧૪ વર્ષ સુધી તેમના ઉપર નજર રાખ્યા બાદ વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું કે ૧૦,૦૧૨ મહિલાઓ સાંભળવાની શક્તિ ગુમાવી ચૂક્યા છે. એક સપ્તાહમાં બે અથવા ત્રણ દિવસ સુધી દવાઓ લેનાર મહિલાઓમાં સાંભળવાની શક્તિમાં ખતરો ૧૧ ટકા અને ૧૩ ટકા વધી ગયો હતો. જ્યારે એક સપ્તાહમાં ચારથી પાંચ દિવસ સુધી પેનકીલર લેનાર મહિલાઓમાં ખતરો ૨૧ ટકા વધી ગયો હતો. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું કે કેટલીક દવાઓનો સંબંધ સાંભળવાની શક્તિ સાથે નથી.

## અરૂંધતી સૌથી શક્તિશાળી ભારતીય કારોબારી મહિલા

નવીદિલ્હી, તા. ૯

દેશની સૌથી મોટી બેંક ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ)ના ચેરમેન અરૂંધતી ભટ્ટાચાર્યને ભારતમાં




કારોબારી જગતની સૌથી શક્તિશાળી મહિલા તરીકે જાહેર કરવામાં આવી છે. ફોર્ચ્યુન મેગેઝિન દ્વારા નવા આંકડા જારી કરવામાં આવ્યા છે. આઈસીઆઈસીઆઈ બેંકના ચંદા કોચર બીજા અને એક્સિસ બેંકના શીખા શર્મા ત્રીજા સ્થાન પર રહ્યા છે. ફોર્ચ્યુન ઈન્ડિયાની ૫૦ સૌથી શક્તિશાળી મહિલાની યાદી જાહેર કરવામાં આવી ચુકી છે. જેમાં ભટ્ટાચાર્ય પ્રથમ સ્થાન પર રહ્યા છે. ભટ્ટાચાર્યને નંબર એક ઉપર સ્થાન મળવા માટે કેટલાક કારણો રહેલા છે. બેડ લોનની સામે જોરદાર સંઘર્ષના પરિણામ સ્વરુપે તેમને આ સ્થાન આપવામાં આવ્યું છે. આશરે એક વર્ષ પહેલા કારોબાર સંભાળી લીધા બાદ ભટ્ટાચાર્યએ ગુણવત્તામાં ઉલ્લેખનીય સુધારો કર્યો છે. ખર્ચમાં કાપ મુકવામાં અને એસબીઆઈની સ્થિતિને સ્પર્ધા વચ્ચે મજબૂત કરવામાં ભૂમિકા ભજવી છે. શક્તિશાળી મહિલાઓ જુદા જુદા ક્ષેત્રો સાથે જોડાયેલી છે જેમાં બેંકિંગ, નાણા, આરોગ્ય, મિડિયા, ફેશન અને મનોરંજન જેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે. યાદીમાં સામેલ કરવામાં આવેલા નામમાં શહનાઝ કંપનીના શહેનાઝ હુસૈન, આઈસીઆઈસીઆઈ હોલસેલ બેંકિંગ અધ્યક્ષ ઝરીન દારવાલા, આઈએલ એન્ડ એફસી ઈવેન્ટ મેનેજર્સના સીઈઓ અર્ચના હિંગોરાની, મેનેજમેન્ટ કન્સ્ટલ્ટના નિર્દેશક ઈરીના વિટ્ટલ, કલારી કેપિટલના નિર્દેશક વાની કોલાનો સમાવેશ થાય છે. યાદીમાં કેટલીક ભારતીય ટોચની મહિલાઓ પણ છે. એચટી મિડિયાના ચેરમેન શોભના ભારતીનું નામ પણ આમા સામેલ છે.

## ત્રણ બેંક દ્વારા ફ્રી એટીએમ યુઝની મર્યાદા નક્કી કરાઈ

નવી દિલ્હી,તા. ૯

થોડાક દિવસ પહેલા સુધી એટીએમમાં ફ્રી ટ્રાન્જેક્શન સાથે સંબંધિત આરબીઆઈના પરિપત્રને દેશની મોટી બેંકોએ તરત અમલી બહી બનાવતા વિતર્કનો દોર રહ્યો હતો પરંતુ હવે ધીમે ધીમે આને અનેક મોટી બેંક અમલી બનાવી ચુકી છે. એસબીઆઈ બાદ હવે આ પરિપત્રને અમલી બનાવનારમાં એચડીએફસી, એક્સિસ અને યુનિયન બેંકનો સમાવેશ થાય છે. ગયા મહિનામાં જ આરબીઆઈએ પરિપત્ર જારી કરીને કહ્યું હતું કે નવેમ્બરથી



બેંકો છ મોટા મેટ્રો દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, હૈદરાબાદ અને બેંગલોરમાં ખાતાધારકો પાસેથી મહિનામાં પાંચથી વદારે વખત એટીએમનો પ્રયોગ કરવાની સ્થિતીમાં તેમની પાસેથી ચાર્જ લઈ શકે છે. સાથે સાથે થર્ડ પાર્ટી (નોન હોમ) એટલે કે બીજા બેંકના એટીએમમાંથી મહિનામાં પાંચ વખત નાણાં ઉપાડવાની મર્યાદાને ઘટાડીને ત્રણ કરી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ પહેલી ડિસેમ્બરથી એચડીએફસી અને એક્સિસ બેંક પાંચ ટ્રાન્જેક્શન બાદ એટીએમમાંથી પ્રતિ ટ્રાન્જેક્સન પર ફી વસુલ કરશે. એટલે કે જો તમે આ એટીએમનો માત્ર પાંચ વખત જ મફથ ઉપયોગ કરી શકશો. ત્યારબાદ દરેક ટ્રાન્જેક્શન પર ૨૦ રૂપિયા અને ટ્રાન્સજેક્સન ટેક્સ આપવાની જરૂર પડશે. સાથે સાથે બીજી બેંકના એટીએમમાંથી મહિને ફ્રી ટ્રાન્જેક્સનની મર્યાદા પણ ત્રણ રહેશે. આ નિયમ હાલમાં છ મેટ્રો શહેરો દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, બેંગલોર અને હૈદરાબાદમાં લાગુ થશે. યુનિયન બેંક પોતાના કસ્ટમરોને આ સુવિધા મહિનામાં આઠ વખત આપશે. ત્યારબાદ દરેક ટ્રાન્જેક્શન પર ૧૫ રૂપિયાનો ચાર્જ વસુલ કરવામાં આવશે. જેના પર ટેક્સ પણ લાગશે. યુનિયન બેંકના કસ્ટમરો માટે બીજા બેંકના એટીએમથી ફ્રી ટ્રાન્જેક્શનની લિમીટ મહિનામાં ત્રણ રહેશે. ત્યારબાદ ચાર્જ વસુલ કરવામાં આવનાર છે. બેંકોએ પોતાના આ પગલા અંગે વાત કરતા કહ્યુ છે કે એક મહિનામાં આઠ ટ્રાન્જેક્શન ગ્રાહકો માટે પુરતા છે.

## ફરહાન અને ઈમરાન જોડીને સાથે ચમકાવવા માટે તૈયારી

મુંબઈ, તા.૯

ઈમરાન અને ફરહાન અખ્તરને લઈને સકુન બત્રા અને કરણ જોહર હવે ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. આ ફિલ્મમાં બે અભિનેત્રીઓને પણ લેવામાં આવનાર છે. ઈમરાન ખાન અને કરીના કપૂરને લઈને રોમેન્ટીક ફિલ્મ એક મૈં ઓર એક તુ બનાવી લીધા બાદ નિર્દેશક સકુન બત્રા હવે નવી ફિલ્મ કરણ જોહરના ધર્મ પ્રોડક્શન સાથે મળીને બનાવવાની યોજના બનાવી રહ્યા છે. સૂત્રોએ કહ્યું છે કે સકુને કરણ જોહર સાથે ઘણી બધી પટકથા ઉપર ચર્ચા વિચારણા કરી છે. આખરે એક પટકથા બંનેને પસંદ પડી ગઈ છે. કરણ જોહરે આ પટકથામાં રસ દર્શાવ્યો છે જેથી હવે ફિલ્મ આગળ વધશે. કલાકારો અંગે હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. નજીકના સૂત્રોએ કહ્યું છે કે આ ફિલ્મમાં ઈમરાન ખાન અને ફરહાન અખ્તરને એક સાથે લેવામાં આવશે. સકુન બત્રાની એક મૈં ઓર એક તુ ફિલ્મ ઈમરાન ખાન જોવા મળ્યો હતો. સકુન ફરીવાર ઈમરાન ખાનને લેવાની ઈચ્છા ધરાવે છે. નવી ફિલ્મમાં ઈમરાન અને ફરહાન ભાઈ તરીકેની ભૂમિકા અદા કરશે. બે ભાઈને ધ્યાનમાં લઈને પટકથા લખવામાં આવી રહી છે.



'કિસ ઓફ લવ' અભિયાન ચલાવી રહેલા યુગલોએ નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યાલયની સામે કાર્યક્રમ યોજયો ત્યારે સંઘર્ષના દશ્યો સર્જાયા હતા. કાર્યકર્તાઓ અને અહીં એકત્ર થયેલા યુગલો વચ્ચે સંઘર્ષ થતાં પોલીસને દરમિયાનગીરી કરવી પડી હતી.

## સમાચાર ઝલક

- પત્ની અંજલિ સાથે ઈંગ્લેન્ડ પ્રવાસે સચિન.
- આ મહિને દેશનાં બજારોમાં આવશે ૧૧ કારનાં નવા વર્ઝન.
- રાજકોટમાં બે મુસ્લિમ જુથો વચ્ચે લોહિયાળ ધીંગાણું ખેલાયું. બેના મોત
- નવાપુર : ગમખ્વાર અકસ્માત : કારનાં ટુકડે ટુકડા, એક જ પરિવારના ૩ મહિલાઓના મોત.
- કારેલીબાગના પૂર્વ પ્રાધ્યાપકની અંત્યેષ્ટિ પુત્રીઓએ કરી.
- જાહેર સ્થળોની સફાઈ માટે જાગૃતિ ભાવ કેળવવા બાળ સેના રચાશે.
- માર્કેટિંગ યાર્ડ કપાસથી ઉભરાયાં પણ ખરીદનાર નથી : ખેડૂતો ચિંતામાં.
- રાજસ્થાનમાં વધી રહ્યું છે પુરુષ વેશ્યાઓનું પ્રમાણ મહિલા આયોગ
- યુનિ.ના કાર્યકારી રજિસ્ટ્રારને બંગલો-ગાડી ફાળવતાં વિવાદ
- ખોટું સરનામું હશે તો રેલવેની સિઝન ટિકિટ રદ થશે.